**<u>રેગ્યુલર દિવાની મુકદમા નં.૧૭/૨૦૨૪ ના કામે આંક–૫ ની અરજી લગત હુકમ</u>**

**(૧)** હાલના કામના વાદીએ વિજ્ઞાપન તથા કાયમી તાકીદની દાદ મેળવવાનો દાવો દાખલ કરેલ છે. તેમજ આ દાવા સાથે તેઓએ હાલની આંક–૦૫ થી સી.પી.સી. ઓર્ડર ૩૯, રૂલ–૧ અને ૨ અને કલમ ૫૧ મુજબ વચગાળાના મનાઈનો મનાઈ હુકમ મળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

**(૧.૧)** હાલના દાવાની સાથે વાદીએ આંક–૫ થી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા અરજી રજુ રાખેલ છે. જેની ટુંકમાં હકિકત એવી છે કે, વાદીની જમીન મોજે ખાંધલી, તા. વસોની સર્વે નંબર ૫૮૮ ખાતા નંબર ૨૨૫ વાળી ખેતીની જમીન આવેલી છે. જમીનમાં ચણેલો કુવો માલીકીનો જેમાં વીજ જોડાણ વાદીના ગુજરનાર સસરા મોતીભાઈ હીરાભાઈ પટેલ નાઓના નામે વાદીના વડીલ સુરેશભાઈનાઓએ લીધેલ જે આજદીન સુધી ચાલુ છે અને તે મિલકતમાં પાણીની કુંડી નાળિયાને અડીને આવેલી મિલકત દાવાવાળી જમીન આવેલ છે. આ કામના પ્રતિવાદીનો દાવાવાળી જમીનમાં કોઈપણ પ્રકારનો લાગભાગ, લેવા કે દેવા, હકકહિત ના હોવા છતાં પ્રતિવાદી આ કામના વાદી (1) વિધવાને ડરાવી ધમકાવી જમીન પડાવી લેવા માંગે છે. દાવાવાળી જમીન અમારા કુટુંબની આજીવિકાનું મુખ્ય સાધન છે. વળી પ્રતિવાદી (1) વાદીને ખેતરમાં તપાસ માટે ગયા ત્યારે મારવા ફરી વળેલ અને આ બનાવની તા.12/11/2023 ના માતર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવા જરૂર પડેલી તેમજ મામલતદારશ્રી વસોને લેખિતમાં ફરિયાદ કરવાની જરૂર પડેલી. પ્રતિવાદી પાસે કુટુંબ ભાવનાથી વાદી વિધવા બાઈ અવારનવાર ખેતી કામે બોલાવતા તેમાં પણ પ્રતિવાદી થકી નુકસાન ભોગવવું પડેલ જેથી વાદીએ પ્રતિવાદી જમીન પચાવવાના પ્રયત્ન કરતા કુવો પચાવી પાડવા પ્રયત્ન કરતા ના ઈલાજે તા. 23/03/2024 ના રોજ વાદીએ પોતાના વકીલશ્રી કમલેશ એન પટેલ ઠાસરાનાઓ મારફતે પ્રતિવાદીને લીગલ નોટિસ આપેલી જે પ્રતિવાદીને બજી ગયેલી. તેનો પ્રતિવાદીએ ગઈ તા. 04/04/2024 ના રોજ વકીલશ્રી ઉર્વશીબેન મરીડા વસો મારફતે ઉડાઉ જવાબ

આપી દાવાવાળી જમીન ઝૂંટવી લેવાની બદદાનત જણાતા વાદીને હાલની મનાઈ અરજી દાખલ કરવા કાયદેસરનું કારણ ઉદભવેલું છે. દાવાનો હેતુ સચવાય તે માટે પ્રતિવાદી વિરુદ્ધ માંગ્યા મુજબની વચગાળાની દાદ મંજુર રાખવાથી વાદીઓની આજીવિકાનું સાધન ટકી જાય તેમ છે. દાવાવાળી જમીન વાદીઓની માલિકીની તથા પ્રત્યક્ષ કબજાવાળી આવેલી છે. સરકારી રેકર્ડમાં અમારા હક્કોની નોંધ થતી આવી છે અને થાય છે. તમામ પ્રકારના સરકારી વેરા વાદીઓ નિયમિત માલિક તરીકે ભરીએ છીએ. પ્રતિવાદીનો કહેવાતો કોઈ હકક અધિકાર દાવાવાળી જમીન કુવામાં ના હોવા છતાં ચાલુ ઘઉંની સિઝન લીધી ત્યારે પણ પ્રતિવાદીએ વાદીને ખેતરમાં ખેતી કરવા નહીં દઉં થાય તેમ કરી લેવાની ધમકી આપેલી. આથી અમો વાદીઓના ચાલતા દાવે હક્કોનું રક્ષણ થવા પ્રતિવાદીને દાવાવાળી જમીન કુવામાં દખલ અંતરાય કરતા તાકીદે અટકાવવા મનાઈ હુકમ ફરમાવવા ન્યાયના હિતમાં અરજ ગુજારેલ છે. વાદીઓનો પ્રાઈમાફેસી માલિકી હકક પ્રત્યક્ષ કબજો ભોગવટો છે. વાદીઓના દીવાની હક્કોનું રક્ષણ કરવામાં ના આવે તો પ્રતિવાદી નવા ગેરકાયદેસર હક્કો ઉભા કરે પરિણામે વાદીઓને નાણાથી બદલો ના વાળી શકાય તેવું ગંભીર પ્રકારનું નુકસાન સહન કરવાનો વારો આવે તેમ છે. વાદીઓની વચગાળાની રાહત મંજૂર રાખવાથી પ્રતિવાદીને કોઈપણ જાતનું નુકસાન નથી. પ્રતિવાદીના કોઈ કહેવાતા હકક અધિકારનું દાવાવાળી જમીનમાં અસ્તિત્વ ભૂતકાળમાં ના હતું અને આજે પણ નથી. દાવાનો આખરી ચુકાદો વાદીઓની તરફેણમાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે. દાવા દરમ્યાન વાદીઓના દાવાવાળી જમીનમાં પોષાતા કાયદેસરના કાયમી અને કીમતી હક્કોનું રક્ષણ થવા માટે સાથે વચગાળાના મનાઈ હુકમની અરજી સામેલ છે. વાદી વધુમાં જણાવે છે કે, (અ) મોજે–ખાંધલી તાલુકો વસોની ખાતા નંબર 225 સર્વે નંબર 588 વાળી ખેતીની જમીન જેની ચાર દિશાનું વર્ણન દાવા અરજીના પેરા(2) માં જણાવેલ દાવાવાળી જમીનમાં પ્રતિવાદી કે તેમના માણસો નોકરો ચાકરો એજન્ટ એસાઈનીઝ મળતીયાઓ મુખત્યાર દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહીં. વાદીઓને ખેતી કરતા ઉપજ લેતા કોઈપણ પ્રકારની દખલ અંતરાય કરે કે કરાવે નહીં તેવો વચગાળાનો મનાઈ હુકમ દાવાનો નિકાલ થતા સુધી પ્રતિવાદી વિરુદ્ધ

ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) વાદીએ પોતાની અરજીના સમર્થનમાં આંક–૦૩ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિશાની ૩/૧ થી ૩/૧૩ સુધીના દસ્તાવેજો રજૂ રાખલે છે. જે નિશાની ૩/૧ થી વાદી નું આધારકાર્ડ, નિશાની ૩/૨ થી દાવાવાળી સર્વે નંબર–૫૮૮ ની ૭/૧૨, નિશાની ૩/૩ થી દાવાવાળી ખાતા નંબર ૨૫૫ ની ૮/અ, નિશાની ૩/૪ થી દાવાવાળી જમીનના વીજ જોડાણની નકલ, નિશાની ૩/૫ થી વાદી આપેલ નોટીસની ઓફિસ કોપી, નિશાની ૩/૬ થી પ્રતિવાદી ના જવાબ ની નકલ, નિશાની ૩/૭ થી નિશાની ૩/૧૧ દાવાવાળી જમીનના વેરાની પાવતી, નિશાની ૩/૧૨ થી વાદી (૨) ના મુખત્યારનામાની નકલ, નિશાની ૩/૧૩ થી વાદી (૩) ના મુખત્યારનામાની નકલ રજૂ છે.

(૩) વાદીની અરજી અન્વયે પ્રતિવાદીને નોટીસ ઇશ્યું કરતા, સદરહું નોટીસ પ્રતિવાદીને ધારાસર બજી જતાં, પ્રતિવાદી તેમના વિ.વ.શ્રી મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેલ. ત્યારબાદ વાદીની દાવા તથા દરમિયાન વચગાળાના મનાઇ હુકમની આંક–૫ વાળી અરજી સામે પ્રતિવાદી નં.૧ એ લેખિત વાંધા જવાબ આંક–૧૧ થી રજુ રાખેલ છે. જેમાં પ્રતિવાદીએ વાદી તરફે આંક–૫ ની અરજીની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી તથા વાદીની મીલકત મોજે ખાંધલી, તા.વસો, જી.ખેડા ના તા.૨૮–૫–૨૦૦૦ ના રોજ વહેચણી રૂા.૨૦/–ના સ્ટેમ્પ પેપર કરવામાં આવેલ હતી તેમાં વહેચણીમાં માત્ર રૂા. ૧૦/–નો સ્ટેમ્પ રજુ કરેલ હતો અને વહેચણીમાં જે બ્લોક/સ.નંબર આવેલ છે તેમાં કુવાનો ઉલ્લેખ કરેલ નથી બ્લોક નં.૫૮૮ નો છે અને હાલમા વડીલોપાર્જીત સહીયારો કુવો આવેલ હોઈ અને જેની કોઈ મૌખિક વહેચણી થયેલ હોઈ મૌખિક વહેંચણી અમારા મોટા બાપુ નામે ગોરધનભાઈ મોતીભાઈ પટેલ તેઓ કુવાનો વહીવટ કરતા હતા અને ત્યારબાદ સને.૨૦૧૨ ની સાલ માં ગુજરી જતા સદર કુવા સંદતર જર્જરીત હાલતમાં પડી રહેલો અને તેનો વહીવટ પ્રતિવાદીના મોટા બાપાની દીકરીઓ નામે મોનાબેન તથા બીનાબેન નાઓ કુવાનો વહીવટ કરતા હતા અને તેઓના લગન થઈ જવાથી તેઓ તેમની સાસરીમાં રહેતા હતા અને

સદર કુવો બીલકુલ જર્જરીત હાલતમાં અને કુવો ધરાશયી અને હવડ થઈ ગયેલ અને ત્યારબાદ પ્રતિવાદીની બહેનોએ પ્રતિવાદીને સદર કુવાનો વહીવટ સોપેલો અને સદર કુવો રીપેરીગ તેમજ હોજ બનાવી લાઈન નાખી તમામ લાઈટબીલથી લઈ કુવાને લગતી તમામ કાર્યવાહી પ્રતિવાદી આજદીન સુધી કરતા આવેલા છે અને તેનો તમામ ખર્ચ પણ પ્રતિવાદીનાઓએ કરેલો છે. અને પ્રતિવાદીના માતૃશ્રીના દેરાણી જે આ કામના વાદી છે. અને અમો એકજ કુટુબના છીએ. પ્રતિવાદીઓને હેરાન પરેશાન કરવાના એક માત્ર ઈરાદાથી તેઓએ અમારી સામે આ ખોટો દાવો દાખલ કરેલ છે આમ આ કામના વાદીએ પ્રતિવાદીની સામે જે દાવો તથા મનાઈહુકમ મેળવવાની અરજી કરેલછે તે તદ્દન ખોટી હોઈ તેઓનો દાવો ખર્ચ સહિત રદ કરવા હુકમ કરવા મહે. કરવા અરજી કરેલ છે.

(૪) બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળી, જેમાં વાદી તરફે તેમની આંક-૫ ની અરજી મુજબની દલીલો તેમના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે જેમાં તેઓએ વાદી તેમના પ્રથમદર્શનીય કેસ સાબિત કરવામાં સફળ રહેલ હોય તેમજ વચગાળાનો મનાઇ હુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થાય તેમ હોય તેમજ સગવડતાની સમતુલ્લા પણ તેમના તરફે ખોરવાઇ જાય તેમ હોય તેઓની હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) ત્યારબાદ પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરી તેમના વાંધા જવાબની હકિકતોનું પુનરાવર્તન કરી, તેમની મૌખિક દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, હાલના વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી, તેમજ સગવડતાની સમતુલા તથા નાણામાં ન પુરી શકાય તેવું પારાવાર નુકશાન પ્રતિવાદીઓને જાય તેમ છે, માટે વાદીની હાલની વચગાળાના મનાઇ હુકમની અરજી ખર્ચ સહિત નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) વાદીઓએ રજૂ કરેલ દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવા તથા પ્રતિવાદીએ રજૂ કરેલ વાંધા જવાબ તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંન્ને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતા, હાલની અરજીના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય તેમ છે.

– **મુદ્દાઓ** –

(૧) શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું વાદીઓ પુરવાર કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીઓને માગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

– **કારણો** –

(૮) **મુદ્દા નં. ૧ થી ૩–**

હાલના કામે ઉપરોકત મુદ્દાના ન્યાય નિર્ણય અર્થે મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. જેમાં ઉપરોકત રજુ પુરાવા તથા વાદી પ્રતિવાદી તરફેની રજુઆતો ધ્યાને લેતા વાદી તથા પ્રતિવાદી એકજ પરીવારના સભ્યો હોવાનું જણાય આવે છે. સદર દાવાવાળી મિલકત મોજે ખાંધલી તાલુકો વસોની સર્વે નંબર ૫૮૮ ખાતા નંબર ૨૨૫ વાળી ૦–૨૪–૨૮ ગુઠા ખેતીની જમીન છે. જેમાં સેઢે એક પાણીનો કુવો આવેલો છે. અને તે જમીનએ અડીને પ્રતિવાદીની જમીન આવેલી છે. બંન્ને પક્ષોની રજુઆત મુજબ બંન્ને પક્ષોની જમીનની માલીકી અંગે તેમની વચ્ચે કોઇ તકરાર નથી. પ્રતિવાદી પોતાના આંક–૧૧ વાળા લેખીત જવાબમાં સ્વીકારે છે કે વાદી નં.૧ તેમના પિતાના ભાઇ સુરેશભાઇ પટેલના વિધવા પત્ની છે. તેમજ વાદી નં. ૨ તથા ૩ તેમના સંતાનો છે. જયારે પ્રતિવાદી વાદી નં. ૧ ના પતિના મોટા ભાઇ રમેશભાઇના પુત્ર છે. આમ. વાદી નં. ૧ અને પ્રતિવાદી વચ્ચે કાકી તથા ભત્રીજાના કૈટુંબીક સંબંધો હોવાનુ જણાય આવે છે.

પ્રતિવાદી સ્વીકારે છે કે વાદીની માલીકી વાળી જમીનમાં વિજ જોડાણ નં. ૫૦૮૬૫/૦૦૮૩૯/૬ આવેલુ છે. જે વાદીના વડીલ સુરેશભાઇએ લીધેલ છે. અને હાલ ચાલે છે. તે મિલકતમાં પાણીની કુંડી નાળીયાને અડીને આવેલી છે. આમ બંન્ને પક્ષો વચ્ચે કુવાને લગતી તકરાર હોવાનુ સ્પષ્ટ થાય છે. બંન્ને પક્ષો એકજ કુટુંબના સભ્યો હોય અને ભુતકાળમાં બંન્ને જમીન સંયુકત ઉપયોગમાં લેવાતી હોય અને જેથી જમીનમાં પિયત માટે હાલનો તકરારી કુવો બનાવેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાય આવે છે. પરંતુ હાલ સદર કુવો વાદીના હીસ્સે આવેલ જમીનમાં હોય અને જે તે વખતે પ્રતિવાદીએ કુવાનુ સમારકામ કરાવેલ હોય પ્રતિવાદીએ સદર કુવામાંથી પાણી મેળવવા હકકદાર હોવાની રજુઆત કરી છે. પરંતુ આ અંગેના કોઈ લેખીત પુરાવા તેઓએ પોતાના જવાબ સાથે રજુ રાખેલ નથી. જયારે વાદીએ પોતાની દાવા અરજી સાથે નિ. ૩/૧ થી ૩/૧૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. આમ રજુ પુરાવા ધ્યાને લેતા સદર કુવો કે જે વાદીની જમીનમાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેમાથી જો પ્રતિવાદીને હાલ પુરતા પાણી લેતા અટકાવવામાં ન આવે તો બંન્ને પક્ષો વચ્ચે નવા દાવાદુવી અથવા ફોજદારી કેસો ઉપસ્થિત થાય તેવી પણ શકયતાઓ નકારી શકાય નહી.

(૮) આમ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાય આવે છે અને પ્રતિવાદીઓ જો વારવાર વાદીના હીસ્સા તથા માલીકીવાળી મિલકતમાં પાણી મેળવવા પ્રવેશ કરે તો તેનાથી વાદીની સગવડની સમતુલા જોખમાઈ તેમ છે. અને દાવાનો આખરી નિકાલ થાય તે પહેલા જો કોઈ પણ પ્રકારના નવા દાવા દુવી કે ફોજદારી કેસો ઉપસ્થિત થાય તો પણ નાણાંમા વળતર ન ચુકવી શકાય તેવુ પારાવાર નુકશાન થવાની સંભાવના રહેલી છે. જે ધ્યાને લેતા મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયના વિશાળ હિતમાં ઉચિત જણાય છે.

## :: આ ખ રી હુ ક મ::

(૧) આથી વાદીની આંક–૫ વાળી વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) મોજે ખાંધલી તાલુકો વસોની ખાતા નંબર ૨૨૫ સર્વે નંબર ૫૮૮ વાળી

ખેતીની જમીનમાં પ્રતિવાદીએ કે તેમના માણસો, નોકર ચાકરો એજન્ટ, એસાઈનીઝ , મળતીયાઓ, મુખત્યાર વિગેરે કોઈ પણ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા કરાવવા સામે તથા વાદીઓને પોતાની જમીનમાં ખેતી કરતા કે ઉપજ લેતા કોઈ પણ પ્રકારની દખલ અંતરાય કરવા કરાવવા સામે દાવાના આખરી નિકાલ થતા સુધીનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

(૩) હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તા.૦૬ ઠી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો.
તા.૦૬/૦૨/૨૦૨૬.

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
મુખ્ય સિવિલ જજ, વસો.
જીજે૦૧૪૨૫.